# કલોલ ગાર્ડનસીટી સોસાયટીના મકાનમાં ભેદી ધડાકો, એકનુ મૃત્યુ

## ધડાકાથી બે મકાન ધરાશાઈ, ધડાકાની તિવ્રતાને લઈ આસપાસના મકાનની બારીઓના કાચ તુટ્યા, દુર દુર સુધી ધડાકાનો અવાજ સંભળાયો, ભુકંપ સમજી કલોલવાસીઓ ઘરની બહાર દોડી આવ્યા, બનાવ સ્થળે જિલ્લા કલેકટર સહિત ઉચ્ચ અધિકારીઓ દોડી ગયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરની પંચવટી વિસ્તારમાં આવેલી ગાર્ડન સીટી સોસાયટીના બંધ મકાનમાં માં મંગળવારની વહેલી સવારે અચાનક જોરદાર ધડાકો થયો હતો. ધડાકાની તીવ્રતા એટલી જોરદાર હતી કે બે મકાન ધરાશાઈ થઈ ગયા હતા. જયારે કલોલવાસીઓ ભુકંપ આવ્યો હોવાનું સમજી બહાર દોડી આવ્યા હતા. ધડાકાને પગલે આસપાસના રહેણાંક વિસ્તારના બારીઓના કાચ પણ તુટી ને નીચે પડ્યા હતા. જયારે ધડાકાનો અવાજ દુર દુર સુધી સંભળાયો હતો. જયારે મકાન ધરાશાઈ થતા કાટમાળ નીચે દબાઈ જતા ૨૭ વર્ષિય યુવકનું મૃત્યુ નિપજયું હતું. તે ઉપરાંત ધડાકાને પગલે આગ લાગતા વૃદ્ધા અને તેમના પૌત્રની વહુ પણ દાઝી જતા સારવાર માટે ખસેડાયા હતા. ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરતા બનાવ સ્થળે કલેકટર, ઉચ્ચ અધિકારીઓ, પોલીસ તંત્ર, ફાયર વિભાગ, ઓએનજીસી, જીએસપીસી, સાબરમતિ ગેસ સહિતના અધિકારી પણ આવી પહોંચ્યા હતા.



મળતી માહિતી મુજબ કલોલની ગાર્ડન સીટી સોસાયટીમાં વહેલી સવારે બંધ રહેણાંક મકાનમાં અચાનક ભેદી ધડાકો થતા બે મકાન ધરાશાઈ થઈ ગયા હતા.જેમાં બાજુના મકાનમાં વૃધ્ધા હંસાબેન વિરેન્દ્રભાઈ દવે, પૌત્ર અમિત જનકભાઈ દવે અને તેની પત્ની પીનલ અમિત દવે સાથે રહેતા હતા. જેમાં મકાન ધરાશાઈ થતા યુવક કાટમાળ નીચે દબાઈ ગયો હતો. જયારે વૃધ્ધાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. બનાવને પગલે તાત્કાલીક ફાયર ટીમ આવી પહોંચતા રેસ્કયુ ઓપરેશન હાથ ધરીને કાટમાળ નીચે દબાઈ ગયેલા વ્યકિતને બચાવવા કામગીરી શરુ કરી હતી



અને ફાયર ટીમે વ્યકિતને બહાર નીકાળીને સારવાર માટે મોકલી આપ્યો હતો પરંતુ સારવાર દરમિયાન વ્યકિતનું મૃત્યું નિપજયુ હતું. કાટમાળ નીચે આગની જવાળાઓ પણ ચાલુ હતી. જયારે ધડાકાને પગલે આસપાસના મકાનોને પણ નુકશાન પહોંચ્યું હતું. જયારે ભેદી ધડાકાનો અવાજ દુરદુર સુધી સંભળાયો હતો. કલોલના નાગરીકો વહેલી સવારે ભુકંપ આવ્યો હોવાનું સમજીને બહાર દોડી આવ્યા હતા.જયારે ઘટનાની જાણ થતા ગાર્ડન સીટી સોસાયટી ખાતે નાગરીકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. જયારે બનાવની જાણ થતા ઘટના સ્થળે જિલ્લા કલેકટર, સહિત ઉચ્ચઅધિકારીઓ દોડી ગયા હતા.



## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



તમે કહો છો એ પ્રમાણે સોસાયટીમાં એન્ટર થતાં કોઈના ઘરમાં બનતાં અડદીયાની સુગંધ ાવતી હોય તો તમારે કોના ટેસ્ટ કરાવવાની મને જરૂર નથી લાગતી...!!

# શહેરના જ માર્ગ પર ઈનોવા-અલ્ટો કાર વચ્ચે અકસ્માત એકનુ મૃત્યુ

## ઈનોવા કારની ટક્કરે અલ્ટો પલટી મારી ગઈ, અલ્ટો પતરુ તોડીને રેલીંગમાં ઘુસી ગઈ, ફસાઈ ગયેલા કાર ચાલકને ભારે જહેમત બાદ બહાર નીકાળ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના જ માર્ગ સચિવાલય ગેટ નં-૩ તરફ જતા કટ પાસે ઈનોવા-અલ્ટો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાંથી બહાર ફેંકાઈ ગયેલા યુવકનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજયું હતું. જયારે ફસાઈ ગયેલા કાર ચાલક યુવકનો મહામહેનતે બહાર નીકાળ્યો હતો. જયારે સરકીટ હાઉસ તરફથી પુરઝડપે આવીને ઈનોવા કારના ચાલકે સચિવાલય ગેટ નં-૩ તરફ જવા માટે વળાંક લેતા જ અલ્ટો કારના પાછળના ભાગે ટકરાઈ હતી. જેને પગલે અલ્ટો કાર પલ્ટી ખાઈને લોખંડની રેલીંગમાં ઘુસી ગઈ હતી. જયારે અકસ્માત સર્જીને ઈનોવા કારનો ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે કાર ચાલકની ફરીયાદને પગલે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૧૭ ખાતે જુના એમએલએ કવાટર્સ બ્લોક નં.૭૫-૪ ખાતે રહેતા વિજય અશોકભાઈ પરમાર (ઉં.૧૯) સોમવારના રોજ સાંજના સાત વાગ્યાના અરસામાં ઘરેથી શોંપીગ ખાતે દુધ લેવા માટે નીકળ્યો હતો. તે સમયે સેકટર-૧૭, ૩૩-૧ છ ટાઈપ ખાતે રહેતો મિત્ર જયદિપ ભરતભાઈ પરમાર મળ્યો હતો. જયારે બંન્ને મિત્રો ગાડી લઈને ચ-૫ થઈને સર્કીટ હાઉસ અને ત્યાંથી આગળ સરિતા ઉદ્યાન ગયા હતા. ત્યાંથી યુ ટર્ન લઈને પરત સર્કીટ હાઉસ તરફ વળ્યા હતા. તે સમયે સાડા સાત વાગ્યાના અરસામાં એફએસએલ કટ થી થોડા આગળ જ માર્ગ પર આવેલા સચિવાલય ગેટ નં-૩ તફજ ના કટ પાસે પહોંચતા જ સર્કીટ હાઉસ બાજુથી ગેટ નં-૩ તરફ જવા માટે વળાંક લેતા જ ઈનોવા કારે અલ્ટો કારના ડ્રાઈવર સાઈડ પાછળના ભાગે ટક્કર મારતા અલ્ટો કાર પલ્ટી ખાઈ ગઈ હતી અને માર્ગની બાજુમાં રેલીંગમાં ઘુસી ગઈ હતી. અકસ્માતમાં જયદિપ ગાડીમાંથી બહાર ફેંકાઈ જતા ગંભીર ઈજા પહોંચી હતી. જયારે વિજય ગાડીમાં અંદર ફસાઈ ગયો હતો અને ભારે જહેમત બાદ બહાર નીકાળ્યો હતો. અકસ્માતને પગલે ગાડીની નીચેનું પતરુ તોડીને રેલીંગ ગાડીની આરપાર થઈ ગઈ હતી. બનાવને પગલે દોડી આવેલા સ્થાનિક નાગરીકોએ વિજયને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયારે જયદિપને પણ ચેક કરી જોતા તેનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હતું. સ્થાનિક નાગરીકો જયારે કારમાં ફસાઈ ગયેલા વિજયને બહાર નીકાળતા હતા તે સમયે તેણે અકસ્માત સર્જનાર કારનો નંબર જોતા તે જી.જે.૦૧.જી.એ.-૫૯૦૦ નંબરની સફેદ ઈનોવા કાર હતી. જો કે અકસ્માત બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ઈનોવા કાર ચાલક સામે વિજયે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં કોરનાનો રિકવરી રેટ ૯૦ ટકાએ પહોંચ્યો છે.
- ગાંધીનગર તાલુકા પંચાયતની નવી રચાયેલી કારોબારી સમિતિના ચેરમેનની નિમણુંક માટે ૨૪મી ડિસેમ્બરે સમિતિની પ્રથમ બેઠક મળશે.
- ગાંધીનગર જિલ્લાના હેલ્થ વિભાગના પી.આઈ.યુ.ની આજે સમીક્ષા બેઠક જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાનની અધ્યક્ષતામાં મળી હતી.
- ઝી ટીવીના રિપોર્ટર હિતલ પારેખનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- કલોલ શહેરના પોશ એરિયાના મકાનમાં થયેલા બ્લાસ્ટનો મુદ્દો આજે ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો. કલોલમાં કેટલીક સોસાયટીના પેટાળમાંથી ઓ.એન.જી.સી.ની પાઈપલાઈન પસાર થતી હોવાનો મુદ્દો કોંગ્રેસના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જિલ્લા સંકલન સમિતિમાં વારંવાર ઉઠાવ્યો હતો.
- જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. આજે શહેર અને જિલ્લામાં એક સરખા દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે.
- શહેરમાં ક્રિસમસ પર્વની ઉજવણીની તૈયારીઓ ધીમી ગતિએ શરૂ થઈ ગઈ છે.
- આજે "ગણિત દિવસ"ની ઉજવણી કરાઈ હતી.
- જિલ્લામાં ૨૮મીથી શરૂ થનારી એકમ કસોટીનું આયોજન જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

# કુડાસણ પાટીયા પાસે બે કાર વચ્ચે અકસ્માત બે ને ઈજા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ગતરાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં કુડાસણ પાટીયા પાસે આઈ-૨૦ કાર અને સ્વીફટ ડીઝાયર કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં સ્વીફટ કારમાં સવાર દંપતિને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. ત્યારબાદ વધુ સારવારઅર્થે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા.જયાં મહિલાને કમરના ભાગે પાંસળીમાં ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું. બનાવ અંગે સ્વીફટ કાર ચાલકની ફરીયાદ લઈ ઈન્ફોસીટી પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

પીડીપીયુ માર્ગ પર પર્સ હવેલી મકાન નં.૧૧ ખાતે રહેતા મનિષ જયપ્રકાશ લદ્ધા (ઉં.૩૫) માતા-પિતા અને પરિવાર સાથે રહે છે. સીસીટીવી કોન્ટ્રાકટનો વેપાર કરે છે. જયારે ફરીયાદી પાસે પોતાના મિત્રની સ્વીફટ કાર જી.જે.૨૭.ક.-૫૬૪૧ રાખી છે જેનો ઉપયોગ તેઓ કરે છે. તા.૧૯ ના રોજ રાત્રીના સમયે ફરીયાદી પત્ની સાથે ગાડી લઈને કુડાસણ ખાતે રહેતા પોતાના સાઢુના ઘરે ગયા હતા. ત્યારબાદ રાત્રીના સુમારે તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં કુડાસણ પાટીયા પાસે માર્ગ ઓળંગતા સમયે અમદાવાદ તરફથી એક આઈ-૨૦ કાર પુરઝડપે બેદરકારી રીતે ચલાવી સ્વીફટ કારના ડ્રાઈવર સાઈડની પાછળના દરવાજે જોરદાર અથડાતા કાર સાઈડમાં ફેકાઈ ગઈ હતી. જેથી સ્વીફટ કારમાં સવાર મહિલાને કમરના ભાગે તેમજ કાર ચાલકને શરીરે નાની મોટી ઈજા થવા પામી હતી.

## પીડીપીયુ પાસે રોકેટગતિએ ઈકો ચલાવતા ચાલક સામે ગુનો નોંધાયો

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર પીડીપીયુ અને કુડાસણ પાટીયા પાસે અકસ્માતનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. નિર્દોષ નાગરીકોને ઈજા પહોંચે છે. કેટલાકનો જીવ જતો રહે છે. ત્યારે પીડીપીયુ ચોકડી પર ટ્રાફિક અને વાહન ચેકિંગ દરમિયાન મંગળવારના રોજ બપોરના સુમારે ટ્રાફિક પોલીસે ફુલ સ્પીડે ઈકો ચલાવતા ચાલકને રોકી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રગતિ લારી પાથરણાં મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## આગામી વર્ષ માટે નવા હોદ્દેદારોની નિમણૂંક કરાઈ : સળંગ ત્રીજા વર્ષે તુલસીભાઈ માલીની પ્રમુખપદે સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં મીના બજાર ખાતેથી કાર્યરત પ્રગતિ લારી પાથરણાં મંડળની તા. ૨૧મી ડિસેમ્બર સોમવારના રોજ વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી. આ સભામાં આગામી વર્ષ માટે નવા હોદ્દેદારોની નિમણૂંક હાથ ધરવામાં આવી હતી જેમાં સતત ત્રીજી ટર્મ માટે સર્વ સંમતિથી તુલસીભાઈ ખુબાજી માલીની મંડળના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.



પ્રગતિ લારી પાથરણાં મંડળની વાર્ષિક સાધારણ સભામાં દરેક વેપારી સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા અને નૂતન વર્ષની શુભેચ્છાઓ સાથે મંડળની ગત વર્ષની કામગીરીની સમીક્ષા હાથ ધરાઈ હતી. આ સાથે આગામી વર્ષ માટે નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી જેમાં સતત સળંગ ત્રીજીવાર પ્રમુખપદે તુલસીભાઈ માલી ઉપરાંત ઉપ પ્રમુખપદે અરવિંદસિંહ વાઘેલા, મહામંત્રી પદે કનુભાઈ વાલેરા, અધ્યક્ષ પદે રમેશભાઈ ઠક્કર, ખજાનચી પદે રાજુભાઈ સોનારા તથા જયેદ્રસિંહ બિહોલા, સંગઠન મંત્રી પદે દિપકસિંહ વાઘેલા, વિનોદ રાઠોડ તથા મેહુલભાઈ, કારોબારી સભ્યોમાં વિરભદ્રસિંહ રાઠોડ, જિતેન્દ્રભાઈ સોલંકી, કિશનભાઈ ભીલ, સંજયભાઈ મહેતા, હેમંતભાઈ રાવલ, રણજીતભાઈ ધાંગ્રેસા, હરેશભાઈ ચેલાણી, બકુલભાઈ ચૌહાણ, વિનોદભાઈ મીર તથા રાજેન્દ્રસિંહ ચૌહાણ વગેરેની નિયુક્તિ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં નવનિયુક્ત પ્રમુખ તથા ઉપપ્રમુખનું સન્માન કરવામાં આવ્યું હતું.

# આનંદો, ફરી એકવાર આવી રહી છે સળંગ ત્રણ રજાઓ...!!

## પોસ્ટ-બેન્ક વગેરેના અગત્યના કામો બે દિવસમાં પતાવવા ભીડ જામશે : કોરોના કાળ અને કડકડતી ઠંડીમાં સળંગ ત્રણ રજાઓ શહેરમાં નાતાલની ઉજવણી ફિક્કી બનાવે તેવી શકયતા

ગાંધીનગર, તા.૨૨

લો, ફરી એકવાર સળંગ ત્રણ રજાઓની 'મનપસંદ' યુતિ આવી રહી છે જે દરમ્યાન શહેરમા સળંગ ત્રણ દિવસ સુધી સુનકાર છવાશે અને પોસ્ટ-બેંકો પણ બંધ રહેવાને કારણે આર્થિક વ્યવહારો પણ અટકી પડશે. આ સંજોગોમાં જો તમારે પોસ્ટ કે બેંકના અગત્યના કાર્યો હોય તો હવે માત્ર બુધવાર અને ગુરૂવાર એમ બે દિવસમાં પતાવી દેવા પર ધ્યાન આપવું પડશે. વળી કોરોનાકાળ ચાલી રહ્યો હોવાથી સળંગ ત્રણ રજાઓ સાથે આવેલા નાતાલના તહેવારની ઉજવણી ફિક્કી રહેશે તેવો વર્તારો પ્રાપ્ત થઈ રહ્યો છે.

### બે માસના ગાળામાં ત્રીજીવાર સર્જાશે રજાઓની 'મનપસંદ' યુતિ...!!

છેલ્લાં બે માસના જ ગાળામાં સતત આ ત્રીજીવાર સળંગ ત્રણ રજાઓની 'મનપસંદ' યુતિ સર્જાઈ રહી છે. ગત ઓકટોબર માસની તા. ૩૦ અને ૩૧ સાથે નવેમ્બર માસની ૧લી તારીખ મળીને સળંગ ત્રણ રજાઓ આવી હતી. જો કે આ રજાઓ દરમ્યાન લગ્નસરાની મૌસમ શહેરમાં પુરબહારમાં ખિલી હતી. આ પછી નવેમ્બર માસમાં તા. ૧૪, ૧૫ અને ૧૬માં દિવાળીના તહેવાર દરમિયાન સળંગ ત્રણ રજાઓ આવી હતી ત્યારે સરકારી કર્મચારીએ વધેલો કોરોના કેસોના પગલે વતનમાં જ દિવાળી ઉજવવાનું મુનાસિબ માન્યું હતું અને શહેરમાં સુનકાર છવાયો હતો. હવે ફરી તા. ૨૫, ૨૬, અને ૨૭મી ડિસેમ્બરે અનુક્રમે નાતાલ, ચોથો શનિવાર અને રવિવારની સળંગ ત્રણ રજાઓ આવી રહી છે.

છેલ્લા બે માસના ગાળામાં જ ત્રીજીવાર એવી યુતિ સર્જાઈ છે જેમાં બેન્કો, પોસ્ટ ઓફિસ સહિત સરકારી કચેરીઓ સળંગ ત્રણ દિવસ સુધી બંધ રહેશે. ગાંધીનગરમાં મોટે ભાગે જયારે પણ આ રીતે ત્રણ રજાઓ આવે ત્યારે શહેરની ચહલપહલ અત્યંદ મંદ પડી જાય છે જેનું મુખ્ય કારણ એ છે કે શહેરમાં તમામ પરિવારો બહારથી આવીને વસેલા છે જે મોટે ભાગે આવી સળંગ ત્રણ ચાર રજાઓનો ઉપયોગ પોતાના વતનમાં જવા કરતા હોય છે અથવા ફેમિલી કે ફ્રેન્ડસ અથવા સહ કર્મચારીઓ સાથે પરિવાર સહિત બહારગામ જવાનો કાર્યક્રમ ઘડી કાઢતા હોય છે. જો કે આ વર્ષે કોરોના મહામારીનો કાળ ચાલી રહ્યો છે જેના કારણે બહારગામ ફરવા જવાની પ્રવૃત્તિ પર અંકુશ જોવા મળી રહ્યો છે. પરંતુ વતનમાં જતા રહેવાના વલણમાં વધારો થવા પામ્યો છે. બીજી તરફ આ સપ્તાહે શહેરમાં ઠંડીનું જોર પણ વધી જવા પામ્યું છે જેના કારણે પણ શહેરના બજારોમાં ચુસ્તીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ પરિબળો જોતા આ વર્ષે બજારમાં નાતાલના તહેવાર સમયે દર વર્ષે જોવા મળતી રોનક ગાયબ છે અને જો સળંગ ત્રણ રજાઓમાં નાગરિકો વતનની વાટ પકડશે તો ચોકકસ નાતાલની ઉજવણી ફિક્કી જશે તેમાં મીનમેખ નથી.


**ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન**

**ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ**

**જાહેર નોટીસ**

નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલ PIL-118/2020 અનુસંધાને, આથી ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવતી હોસ્પિટલો પૈકી જે હોસ્પિટલો પાસે ફાયર શાખાનું નો-ઓબ્જેકશન સર્ટીફિકેટ મેળવવામાં આવેલ નથી અને ફાયર શાખા તરફથી ફાયર સીસ્ટમ કાર્યરત કરવા બાબતે નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ હોસ્પિટલો તરફથી આ નોટીસ પ્રસિદ્ધ થયેથી તુરંત ફાયર શાખા પાસેથી ફાયર એન.ઓ.સી. મેળવી લેવા તાકિદ કરવામાં આવે છે અને જો આ બાબતનું સર્ટીફિકેટ સક્ષમ સત્તા પાસેથી મેળવવામાં આવશે નહિ તો હોસ્પિટલ માલિક / મેનેજમેન્ટ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ફાયર એન.ઓ.સી. મેળવેલ હોય અને ફાયર સીસ્ટમ બાબતે હોસ્પિટલના સ્ટાફને ટ્રેનીંગ આપવામાં આવેલ નહીં હોય તેમજ હોસ્પિટલની ફાયર સીસ્ટમ કાર્યરત રાખવામાં આવશે નહીં અને કોઈ આગ / જાનહાની કે હોનારત સર્જાશે તો તેની સંપૂર્ણ જવાબદારી હોસ્પિટલ માલિક / મેનેજમેન્ટની રહેશે.

હોસ્પિટલ બિલ્ડીંગ ખાતે સ્ટેરકેશ તથા બિલ્ડીંગનો અન્ય ભાગ ફાયર એક્ટની જોગવાઈ મુજબ વેન્ટીલેટેડ રાખવાનો રહેશે.

આ જાહેરાત મેળવ્યા પછી જે હોસ્પિટલોમાં ફાયર એન.ઓ.સી. મેળવેલ નહી હોય તે હોસ્પિટલોમાં નવા દર્દીને દાખલ કરી શકાશે નહીં.

તા. ૨૩/૧૨/૨૦૨૦ સહી/-
સ્થળ : ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર
માહિતી/૧૫૬૧/૨૦-૨૧ ગાંધીનગર મહાનગરપાલિકા



**ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લી., ગાંધીનગર**

**જાહેર નિવિદા**

**જાહેરાત ક્રમાંક - ૦૩/૨૦૨૦-૨૦૨૧**

**કાર્યપાલક ઈજનેર, યુનીટ-૨ (સુજલામ સુફલામ), બીજો માળ, સ્ટેટ વોટર ડેટા સેન્ટર, સેકટર નં. ૮, ગાંધીનગર**

**ફોન / ફેક્સ નં. - ૦૭૯-૨૩૨૩૬૭૧૨**

કાર્યપાલક ઈજનેર, યુનીટ-૨ (સુજલામ સુફલામ) બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેકટર નં.૮, ગાંધીનગર દ્વારા નીચે જણાવેલ કામ માટે (ઈ.પી.સી. વર્સ) માટે ઓનલાઈન ટેન્ડર ભાવો (ઈ-ટેન્ડરીંગ) થ્રી બીડ પદ્ધતિથી અનુભવી અને લાયક ઈજારદારો પાસેથી માંગવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | અંદાજીત રકમ (રૂ. કરોડમાં) | ૧. નોંધણી વર્ગ ૨. બાનાની રકમ ૩. ટેન્ડર ફી રૂ. ૪. સમય મર્યાદા ૫. સોલવંશી |
|---|---|---|---|
| ૧. | એન્જિનીયરીંગ પ્રોક્યરમેંટ એન્ડ કન્સ્ટ્રક્શન (ઈ.પી.સી) કોન્ટ્રાક્ટ ફોર કન્સ્ટ્રક્શન ઓફ પંમ્પીંગ સ્ટેશન-૧ નંગ ૧૨૦૦ મીમી વ્યાસ ૮ મીમી જાડાઈની એમ.એસ. પાઈપની ડીઝાઈન સપ્લાય લેઈંગ, સહિત અન્ય સંલગ્ન કામગીરી, ૧૦ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સ ૩ વર્ષના ડીફેક્ટ લાયબીલીટી સમયગાળા સહિતની માતપુર તાલુકા પાટણ થી બ્રાહ્મણવાડા તાલુકા ઊંઝા જીલ્લા મહેસાણા પાઈપલાઈન પ્રોજેક્ટ | રૂ. ૫૫.૧૩ કરોડ | ૧. એ.એ. ક્લાસ ૨. રૂ. ૫૫.૧૩ લાખ ૩. રૂ. ૨૧૨૪૦/- (૧૮૦૦૦+ ૩૨૪૦ જી.એસ.ટી. ૪. ૧૮ માસ (૧૦ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સ ૫. રૂ. ૧૧.૦૩ કરોડ |

**ઈ-ટેન્ડરીંગનું શીડ્યુલ**

૧. અપલોડીંગની તારીખ : ૨૩/૧૨/૨૦૨૦
૨. પ્રી-બીડ મીટીંગની તારીખ : ૮/૧/૨૦૨૦, ૧૨.૦૦ કલાકે
૩. ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડીંગ તથા ટેન્ડર ડોક્યુમેન્ટ ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય : ૩/૨/૨૦૨૧ ૧૮.૦૦ કલાક સુધી
૪. ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો ફીઝીકલી કચેરીમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ / કુરીયરથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ અને સમય : ૪/૨/૨૦૨૧ થી ૧૨/૨/૨૦૨૧ - ૧૮.૦૦ કલાક સુધી
૫. બાનાની રકમનું મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવામાં આવશે નહીં.
૬. ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજોની ઓનલાઈન ચકાસણી અને પ્રી-ક્વોલીફીકેશન બીડ ખોલવાની તારીખ અને સમય : ૧૫/૨/૨૦૨૧, ૧૨.૦૦ કલાકે

વધુ વિગતો નિગમ/સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.in, www.gwrdc.nprocure.com અથવા www.statetenders.com મારફતે જોઈ શકાશે. માહિતી/૧૫૬૫/૨૦-૨૧